

પનઘટ છવાયું : 'નિત નૂતન ગુજરાત' ગુજરાતના સ્થાપના દિને અમદાવાદ ખાતે રાજ્ય કક્ષાની ઉજવણીના ભાગરૂપે યોજાયેલ ભવ્યાતિભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમમાં શહેરના પનઘટ કલા કેન્દ્રના કલાકારો છવાઈ ગયા હતા. પ્રાચીન અર્વાચીન ગરબાની શાનદાર પ્રસ્તુતિથી સમગ્ર માહોલ મંત્રમુગ્ધ બન્યો હતો. ગાંધીનગરની દીકરીઓએ શહેરની સાંસ્કૃતિક પ્રવૃત્તિનો અનુભવ કરાવ્યો હતો. પનઘટના કલાકારો વાયબ્રન્ટ ગુજરાતના કાર્યક્રમોથી લઈ અને રાષ્ટ્રપતિ ભવન સુધી ગુજરાતની સાંસ્કૃતિને અભિવ્યક્તિત કરી છે અને સૌની પ્રશંસા મેળવી ગાંધીનગરને ગૌરવ અપાવ્યું છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... અમને છોડી દો... પેલુ સૂત્ર યાદ કરો 'સૌનો સાથ સહુનો વિકાસ'...!!

# જિલ્લામાં ચાલતા દારૂના અડ્ડાઓ પર એલસીબીના દરોડા

## ગાંધીનગર શહેર સહીત કલોલ, દહેગામ, અડાલજ વિસ્તારમાં સાત સ્થળે દરોડા : જિલ્લાના ૨૨ બુટલેગરોની તપાસ કરી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં કયાંય દારૂ-જુગારના અડ્ડા ન ચાલે તે અંગે ખાસ ધ્યાન રાખવા તથા અડ્ડાઓ ચાલતા હોય તો ત્યાં દરોડા પાડી દબોચી લેવા એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતને જિલ્લા પોલિસ વડા વિરેન્દ્રસિંહ યાદવે સુચના આપી છે. જે આધારે એલસીબીની બે અલગ અલગ ટીમોએ જિલ્લામાં ચાલતા દારૂના અડ્ડાઓ પર સપાટો બોલાવી સાત સફળ રેડ કરી છે તે ઉપરાંત જિલ્લાના ૨૨ બુટલેગરોની આ ટીમોએ તપાસ કરી અન્ય લીસ્ટેડ બુટલેગરો પર ખાનગી વૉચ રાખી છે.

ગાંધીનગર એસપીની સુચનાથી એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતે દારૂ-જુગારની બદી નાબુદ કરવા તેમની ટીમો દોડતી કરી છે. એક ટીમ પીએસઆઈ કૃણાલ પટેલની અને બીજી એચ.કે. સોલંકીની છે. જેમાં એચ.કે. સોલંકીની ટીમે પેથાપુર ખાતે દેશી દારૂના બે અડ્ડાઓ પર દરોડા પાડી ૧૦ લીટર દેશી દારૂ જપ્ત કર્યો છે તે ઉપરાંત દહેગામના ચિસકારી ખાતે જગત ઉર્ફે જગા મંગા સોલંકીને ત્યાં દરોડો પાડી ૮ બીયર તથા ૩ જીનનો જથ્થો પકડયો હતો. અડાલજ નજીક શેરથા ગામે દરોડો પાડી ૬૦૦ લીટર દારૂ ગાળવાનો વોશ પકડયો હતો તો બીજી તરફ પીએસઆઈ કૃણાલ પટેલની ટીમે મધર ડેરી રોડ, ભાટ પાસેથી દારૂના જથ્થાની હેરાફેરી કરતા શખ્સને પકડી પાડયો હતો. એવીયેટરની ડેક્કીમાં દારૂ સંતાડી હેરાફેરી કરતો હતો તે ઉપરાંત કલોલ તાલુકાના બોરીસણા ગામે બે દરોડા પાડી દેશી દારૂ તથા વૉશ પકડી પાડયો હતો. એલસીબીની બંને ટીમોએ દારૂની સાત સફળ રેડ કરી જિલ્લાના અલગ અલગ વિસ્તારના કુલ ૨૨ લીસ્ટેડ બુટલેગરો ચેક કર્યા અને તેમની હરકતો પર વૉચ ગોઠવી રાખી છે.

## નદીની કોતરમાં ધમધમતા દેશી દારૂના ભઠ્ઠા પર દરોડો

ગાંધીનગર આર.આર. સેલના પીએસઆઈ કે.ડી. બારોટ તથા તેમની ટીમે બાતમીને આધારે આજે બપોરે માણસા તાલુકાના ખડાત ગામ પાસે નદીની કોતરોમાં દરોડો પાડયો હતો. દેશી દારૂની મોટી ભઠ્ઠી ચાલતી હોવાની બાતમી આધારે ટીમે દરોડો પાડયો હતો. નદીની કોતરમાં રેડ કરીને ટીમે ૭ નંગ બેરલ, દેશી દારૂ ગાળવાનો ગોળ અને ૪૦૦ લીટર મહુડાનો વૉશ સ્થળ પરથી જપ્ત કરી લીધો છે. જો કે બુટલેગર જગત રતન રાઠોડ (રહે. ખડાત, માણસા) સ્થળ પરથી નાસી છુટવામાં સફળ રહ્યો હતો.



## શિવ મહાપુરાણ કથાનું ગોસ્વામી દિલીપગુરુજીની વ્યાસપીઠે જાહેર આયોજન

ગાંધીનગર, તા. ૨

શિવમહાપુરાણ-શિવકથાનું ગાંધીનગરના યુવા કથાકાર ગોસ્વામી દિલીપભારતી (ગુરુજી)ની વ્યાસપીઠે તા. ૩-૫-૧૭ થી ૯-૫-૧૭ના રોજ સાંજે ૫.૩૦ કલાકે ભવ્ય શોભાયાત્રા, તા. ૪-ના રોજ સવારે ૮.૩૦ કલાકથી શિવ મહાપુરાણ કથા મહિમા રુદ્રાક્ષ મહિમા, માહત્મય કથા, મા સતી માતા પ્રાગટ્ય કથા, સૃષ્ટિ પ્રાગટ્ય, શિવલીંગ પ્રાગટ્ય કથાનું ગાન કરવામાં આવશે. તા. ૫ના રોજ કુબેર ચરિત્ર, શિવ મહિમા કથા, જ્યોતિલીંગ પ્રાગટ્ય કથા, ભક્તો માટે અનેક વખત પ્રગટ થયેલ શિવની પાવન કથા, પાર્વતી પ્રાગટ્ય કથાનું ભવ્ય ગાન થશે. તા. ૬ના રોજ ગણેશ-કાર્તિક પ્રાગટ્ય, હનુમાન પ્રાગટ્ય તથા શિવ પાર્વતી વિવાહનું ગાન અને પાન તથા ઉત્સવ કરવામાં આવશે. દરરોજ કથા સમય સવારે ૮.૩૦ કલાકથી ૧૨ રહેશે. રાત્રે સુંદરકાંડ પાઠ, આનંદના ગરબાનું ગાન પાન તથા ભક્તો માટે પ્રસાદનું આયોજન રાખવામાં આવશે. કથા શ્રી સોમેશ્વર મહાદેવ સ્વયંભૂ શિવલીંગના સાનિધ્યમાં સુવચ ખાતે યોજાશે, કથામાં પધારવા પંડ્યા અરવિંદભાઈ પરિવાર દ્વારા ભક્તજનોને પ્રેમભર્યુ આમંત્રણ પાઠવવામાં આવ્યુ છે.



'આ મન પાંચમના મેળે' : સમસ્ત બ્રહ્મ સમાજ ગાંધીનગર દ્વારા ગુજરાતી લોકપ્રિય ગીતોની રમઝટ બોલાવતો અનોખો કાર્યક્રમ ટાઉનહોલ ખાતે યોજાઈ ગયો. જાણીતા કલાકાર સલીલ મહેતાના નિર્દેશનમાં યોજાયેલ કાર્યક્રમમાં લોકપ્રિય ગાયક કલાકારો કલ્યાણી કોઠારકર, દિવ્યાંગ અંજારીયા, હસમુખ પાટડીયા સહિતના કલાકારો ગીતોની પ્રસ્તુતિથી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.

# કર્મચારીઓને ચાર ટકા ડી.એ. આપવા દરખાસ્ત

ગાંધીનગર, તા. ૨

રાજ્ય સરકારના કર્મચારીઓને ગત વર્ષના બે ટકા અને ચાલુ વર્ષના બે ટકા એમ કુલ ચાર ટકા મોંઘવારી ભથ્થુ આપવા માટે નાણાં વિભાગે રાજ્યના નાણા મંત્રાલયને દરખાસ્ત કરતા હૂકમો કર્મચારીઓને ચાર ટકા લેખે મોંઘવારી ભથ્થુ આપવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

નાણાં વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ કેન્દ્ર સરકારના ધોરણે રાજ્યના કર્મચારીઓને મોંઘવારી ભથ્થુ આપવામાં આવે છે. પરંતુ ૧-૭-૨૦૧૬નું બે ટકા અને વર્ષ ૨૦૧૭નું ૧-૧-૨૦૧૭નું બે ટકા એમ કુલ ચાર ટકા મોંઘવારી ભથ્થુ રાજ્યના કર્મચારીઓને આપવાનું બાકી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નાણાં વિભાગ દ્વારા રાજ્યના કર્મચારીઓને બાકી ચાર ટકા મોંઘવારી ભથ્થુ આપવા માટેની એક દરખાસ્ત તૈયાર કરીને રાજ્યના નાણાંમંત્રીની મંજુરી અર્થે મોકલી આપવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નાણાં વિભાગની આ દરખાસ્ત ઉપર રાજ્ય સરકાર ચાર ટકા મોંઘવારી ભથ્થુ કર્મચારીઓને રોકડમાં આપવું કે જી.પી.એફ.માં મુકવુ તે અંગેનો નિર્ણય લઈને આગામી એક બે દિવસમાં નાણાં વિભાગની દરખાસ્તને મંજુરી આપે તેવી શક્યતાઓ છે.

વિધાનસભાની ચૂંટણીઓ નજુક આવી રહી હોઈ રાજ્ય સરકાર કર્મચારીઓને ચાર ટકા મોંઘવારી ભથ્થુ રોકડમાં આપવાનો નિર્ણય લે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.

# રાજ્યમાં યોજાનાર કૃષિ મહોત્સવમાં બોર્ડ-નિગમોનો સહયોગ મેળવાશે

ગાંધીનગર, તા. ૨

રાજ્યમાં આગામી ૬ઠ્ઠી એપ્રીલથી શરૂ થતા કૃષિ મહોત્સવમાં રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ-નિગમોને પણ સહભાગી થવા માટે આજે મળેલી બેઠકમાં અનુરોધ કરીને કામગીરીની જવાબદારી સોંપવામાં આવી હોવાનું જાણવા મળે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ આગામી ૬ઠ્ઠી એપ્રીલથી રાજ્યમાં કૃષિ મહોત્સવનો પ્રારંભ થવાનો છે. જો કે આ વર્ષે કૃષિ મહોત્સવને વધુ અસરકારક અને સફળ બનાવવા માટે રાજ્ય સરકારના બોર્ડ-નિગમોનો પણ સહયોગ મેળવવામાં આવનાર છે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આજે રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં તમામ બોર્ડ-નિગમના પદાધિકારીઓ, અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠકમાં બોર્ડ-નિગમના પદાધિકારીઓ અને અધિકારીઓને કૃષિ મહોત્સવ અંગે માર્ગદર્શન આપીને કૃષિ મહોત્સવ અંગેની કામગીરીની જવાબદારી બોર્ડ-નિગમોને સોંપવામાં આવી છે. આ વખતે પહેલીવાર રાજ્યના કૃષિ મહોત્સવમાં રાજ્ય સરકાર હસ્તકના બોર્ડ-નિગમોનો સહયોગ મેળવવામાં આવ્યો છે અને બોર્ડ-નિગમના પદાધિકારીઓને કૃષિ મહોત્સવની કામગીરીની જવાબદારી સોંપવામાં આવી છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી આડે હવે માત્ર ગણતરીના મહિનાઓ જ બાકી છે અને ચૂંટણી પૂર્વે આ છેલ્લો કૃષિ મહોત્સવ રાજ્ય સરકારનો હોઈ આ વખતે રાજ્યમાં કૃષિ મહોત્સવને વ્યાપક ફલક ઉપર વિસ્તાર કરીને ખેડૂતોને પોતાના તરફી કરવાનો આ બહુધા પ્રયાસ કરાશે.

# ખેડૂતોના સ્પર્શતા પ્રશ્નો ઉકેલવાની માંગણી સાથે કોંગ્રેસે રાજ્યપાલને આપ્યુ આવેદનપત્ર

ગાંધીનગર, તા. ૨

ગુજરાત કોંગ્રેસના એક પ્રતિનિધિમંડળે આજે રાજ્યના રાજ્યપાલને મળી આવેદન પત્ર આપ્યું હતું અને ખેડૂતોના પ્રશ્નોને ઉકેલવા માટે રાજ્ય સરકાર ત્વરિત પગલા લે તેવી રજૂઆત કરી હતી.

પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ ભરતસિંહ સોલંકી, વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાની આગેવાનીમાં કોંગ્રેસનું એક પ્રતિનિધિ મંડળે રાજ્યપાલશ્રીની મુલાકાત લઈને ખેડૂતોને સ્પર્શતા નવ મુદ્દાઓ અંગેનું એક આવેદનપત્ર આપીને ખેડૂતોના પ્રશ્નો અંગે રાજ્ય સરકારનું ધ્યાન દોરવા અને તાત્કાલિક ખેડૂતોના પ્રશ્નોના નિરાકરણ કરવામાં આવે તેવી માંગણી કરી હતી.

કોંગ્રેસે રાજ્યપાલશ્રીને આપેલા આવેદનપત્રમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં છેલ્લા ૧૦ વર્ષમાં ખેડૂતોની સંખ્યામાં ૩.૫ લાખનો ઘટાડો થયો છે અને ખેત મજૂરોની સંખ્યામાં ૩૬ લાખનો વધારો થયો છે. આ વાસ્તવિકતા છે.

ગુજરાતની ભાજપ સરકાર દ્વારા છેલ્લા બે દાયકામાં ખેડૂતોના નામે માત્ર મોટી મોટી વાતો કરવામાં આવે છે. કરોડો રૂપિયાના ખર્ચા ગુજરાતમાં કૃષિ મેળાના નાટકો ભજવાઈ રહ્યા છે પરંતુ ખેડૂતોના મુળભૂત પ્રશ્નોનું નિરાકરણ કરવામાં અને ખેડૂતોના હિતોનું રક્ષણ કરવામાં ગુજરાતની ભાજપ સરકાર સદંતર નિષ્ફળ ગયેલી છે તેવો આક્ષેપ આવેદનપત્રમાં કરવામાં આવ્યો છે.

ખેડૂતો સારી રીતે ખેતી કરી શકે એ માટે જરૂરી વીજળી, સિંચાઈના પાણીની વ્યવસ્થા કરવા, ગુજરાતમાં નવા વીજ જોડાણ માટે આશરે ૨.૫ લાખ કરતાં વધુ અરજીઓ પેન્ડીંગ છે તેને તાત્કાલિક અસરથી જોડાણ આપવાની કામગીરી કરવા, દિવસે વીજળી આપવા, ખેડૂતોના દેવા નાબૂદ કરવા, ખેડૂતોને જરૂરી સસ્તુ બિયારણ, સસ્તુ ખાતર અને સસ્તી જંતુનાશક દવાઓ મળી રહે તેવી વ્યવસ્થા કરવા, ખાતર પરનો વેટ નાબૂદ કરવા, ખેડૂતોનો પાક નિષ્ફળ જાય ત્યારે પૂરતો પાક વિમો આપવા સહીતની કુલ નવ માંગણીઓ સાથેનું આવેદન પત્ર આપીને ખેડૂતોના પ્રશ્નો તાત્કાલીક રાજ્ય સરકાર નિરાકરણ લાવે તેવી માંગણી કોંગ્રેસ દ્વારા કરવામાં આવી હતી.



## ડભોડા ખાતે સેવાસેતુ કાર્યક્રમ સંપન્ન

ગાંધીનગર તાલુકાના ડભોડા ગામે ઢાળવાળી કન્યા શાળા ખાતે 'સૌનો સાથ સૌનો વિકાસ' મંત્રને ચરિતાર્થ કરવા સેવાસેતુ કાર્યક્રમ અંતર્ગત જુદા જુદા વિભાગની સેવાઓ ઘર આંગણે પ્રજાને પ્રાપ્ત થાય તેવા હેતુસર કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ૧૦ ગામોના નાગરિકોએ વિવિધ સેવાઓનો લાભ લીધો હતો. જેમાં મા અમૃતમકાર્ડ, મા વાત્સલ્ય કાર્ડ, ડોમીસાઈડ પ્રમાણપત્ર, આધારકાર્ડ, રેશનકાર્ડ, જાતિ પ્રમાણપત્ર, આવકનો દાખલો, વૃદ્ધ પેન્શન યોજના, કુટુંબિક સહાય યોજના, ક્રિમીનીયલ પ્રમાણપત્ર, વૃદ્ધ નિરાધાર સહાય યોજના, ફ્રી ડાયાબીટીસ ચેકઅપ, મેડીકલ-ઢોર સારવાર અને સરકારને લગતી સેવાઓ, ૭/૧૨ રીસર્વે, આરટીઓ, નાગરિક અન્ન પુરવઠા વિભાગ, મહેસુલખાતા,સામાજિક ન્યાય અધિકારિતા વિભાગ તથા અન્ય વિભાગની યોજનાકીય માહિતી અને સેવાઓનો લાભ મેળવવા મોટી સંખ્યામાં લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર, ગાંધીનગર જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ દિલિપભાઈ કે. પટેલ, અગ્રણી હાલુસિંહ સોલંકી, ગ્રામ પંચાયતના સભ્યો, તલાટી કમ મંત્રી કે.એસ. પટેલ, જિલ્લા વિકાસ અધિકારી સહિત જિલ્લા તથા તાલુકાના ઉચ્ચ અધિકારીઓ વગેરે હાજર રહ્યા હતા.

**જાહેર નિવિદા**

**આંગણવાડી કાર્યકર / તેડાગરની ભરતી**

આંગણવાડી કાર્યકરની ભરતી (ફક્ત સ્ત્રી ઉમેદવાર) સંકલિત બાળવિકાસ યોજના કચેરી, ગાંધીનગર ઘટક ૧-૨ માટે કાર્યકર / તેડાગર બહેનો માટે ખાલી જગ્યા તથા ભવિષ્યમાં ખાલી પડનાર જગ્યા માટે સંભવિત જગ્યામાં ભરતી કરવાની થાય છે.

| ક્રમ | ઘટકનું નામ | ગામનું નામ | વિગત | જા.નિ. પ્રયાસ |
|---|---|---|---|---|
| **આંગણવાડી કાર્યકરની ખાલી જગ્યાની વિગત, ગાંધીનગર ઘટક-૧** | | | | |
| ૧ | ગાંધીનગર ઘટક-૧ | ઉવારસદ-૩ | ખાલી જગ્યા | પ્રથમ પ્રયત્ન |
| ૨. | ગાંધીનગર ઘટક-૧ | ઉવારસદ-૫ | ખાલી જગ્યા | પ્રથમ પ્રયત્ન |
| ૩. | ગાંધીનગર ઘટક-૧ | રાંધેજા-૧૧ | ખાલી જગ્યા | પ્રથમ પ્રયત્ન |
| **આંગણવાડી કાર્યકરની સંભવિત જગ્યાની વિગત ગાંધીનગર ઘટક-૧** | | | | |
| ૧ | ગાંધીનગર ઘટક-૧ | પેથાપુર-૧ (આંકોલ) | સંભવિત | પ્રથમ પ્રયત્ન |
| ૨ | ગાંધીનગર ઘટક-૧ | વાસન-૩ | સંભવિત | પ્રથમ પ્રયત્ન |
| **આંગણવાડી તેડાગરની ખાલી જગ્યાની વિગત ગાંધીનગર ઘટક-૧** | | | | |
| ૧ | ગાંધીનગર ઘટક-૧ | પોર-૧ | ખાલી જગ્યા | બીજો પ્રયત્ન |
| ૨ | ગાંધીનગર ઘટક-૧ | દંતાલી-૧ | ખાલી જગ્યા | ત્રીજો પ્રયત્ન |
| ૩ | ગાંધીનગર ઘટક-૧ | વાવોલ-૨ | ખાલી જગ્યા | પ્રથમ પ્રયત્ન |
| ૪ | ગાંધીનગર ઘટક-૧ | ઉવારસદ-૭ | ખાલી જગ્યા | પ્રથમ પ્રયત્ન |
| ૫ | ગાંધીનગર ઘટક-૧ | પેથાપુર-૩ | ખાલી જગ્યા | પ્રથમ પ્રયત્ન |
| ૬ | ગાંધીનગર ઘટક-૧ | રાંધેજા-૧૧ | ખાલી જગ્યા | પ્રથમ પ્રયત્ન |
| ૭ | ગાંધીનગર ઘટક-૧ | બોરીજ-૨ | ખાલી જગ્યા | પ્રથમ પ્રયત્ન |
| **આંગણવાડી તેડાગરની સંભવિત જગ્યાની વિગત ગાંધીનગર ઘટક-૧** | | | | |
| ૧ | ગાંધીનગર ઘટક-૧ | કોલવડા-૨ | સંભવિત | પ્રથમ પ્રયત્ન |
| ૨ | ગાંધીનગર ઘટક-૧ | કોલવડા-૪ | સંબવિત | પ્રથમ પ્રયત્ન |
| ૩ | ગાંધીનગર ઘટક-૧ | ટીંટોડા-૫ (નાનપુરા) | સંભવિત | પ્રથમ પ્રયત્ન |
| **આંગણવાડી કાર્યકરની ખાલી જગ્યાની વિગત, ગાંધીનગર ઘટક-૨** | | | | |
| ૧ | ગાંધીનગર ઘટક-૨ | ભાટ-૨ | ખાલી જગ્યા | પ્રથમ પ્રયત્ન |
| **આંગણવાડી કાર્યકરની સંભવિત જગ્યાની વિગત** | | | | |
| ૧ | ગાંધીનગર ઘટક-૨ | મગોડી-૨ | સંભવિત | પ્રથમ પ્રયત્ન |
| **આંગણવાડી તેડાગરની ખાલી જગ્યાની વિગત ગાંધીનગર ઘટક-૨** | | | | |
| ૧ | ગાંધીનગર ઘટક-૨ | દો.વાસણા-૨ | ખાલી જગ્યા | બીજો પ્રયત્ન |
| ૨ | ગાંધીનગર ઘટક-૨ | દો.વાસણા (હરીપુરા) | ખાલી જગ્યા | ત્રીજો પ્રયત્ન |
| **આંગણવાડી તેડાગરની સંભવિત જગ્યાની વિગત ગાંધીનગર ઘટક-૨** | | | | |
| ૧ | ગાંધીનગર ઘટક-૨ | સાદરા-૨ | સંભવિત | પ્રથમ પ્રયત્ન |
| ૨ | ગાંધીનગર ઘટક-૨ | પાલજ-રામપુરા | સંભવિત | પ્રથમ પ્રયત્ન |
| ૩ | ગાંધીનગર ઘટક-૨ | નવા પીપળજ | સંભવિત | પ્રથમ પ્રયત્ન |
| ૪ | ગાંધીનગર ઘટક-૨ | અંબાપુર-૧ | સંભવિત | પ્રથમ પ્રયત્ન |

**શરતો :** (૧) કાર્યકર માટે લઘુતમ ધો.૧૦ પાસ તથા તેડાગર માટે ધો. ૭ પાસ (૨) અરજી કરનારની ઉંમર ૧૮ થી ઓછી કે ૩૩ વર્ષથી વધુ હોવી જોઈએ નહીં. (૩) પરણિત સ્થાનિક ઉમેદવાર હોવા જોઈએ. (૪) લગ્ન નોંધણીનું સરકારશ્રીના નિયત ફોર્મમાં પ્રમાણિત કરેલ પ્રમાણપત્ર ફરજીયાત રજૂ કરવું. (૫) સ્થાનિક રહીશના પુરાવા માટે રેશનકાર્ડ, ચૂંટણીકાર્ડ, તલાટી કમ મંત્રીના દાખલાની પ્રમાણિત નકલ (૬) આંગણવાડીમાં નિમણુંક મેળવનાર કાર્યકર / તેડાગરને સરકારશ્રીના વખતોવખતના નિયમોનુસાર માસિક માનદ વેતન મળવાપાત્ર છે. (૭) જાહેરાત પ્રસિદ્ધ થયેથી દિન-૨૦માં સાધનિક પુરાવા સાથે રજી.પો.એ.ડી.થી અરજીઓ મંગાવવામાં આવે છે. (૮) આ અગાઉ આપેલ અને સમયમર્યાદા બહાર આવેલ અરજીઓ રદ ગણાશે. (૯) અધુરી વિગતવાળું ફોર્મ રદ કરવામાં આવશે. (૧૦) પસંદગીના અધિકારો પસંદગી સમિતિ પાસે અબાધિત રહેશે અને સમિતિનો નિર્ણય આકરી ગણાશે અને તે અંગે વાંધા તકરાર કરી શકાશે નહીં. (૧૧) અરજી નિયત નમુનામાં જ કરવાની રહેશે. નિયત નમુના સિવાયની અરજી રદ કરવામાં આવશે.

**અરજી નમુનો મેળવવાનું અને મોકલવાનું સરનામું :-**

ગાંધીનગર ઘટક-૧ :- બાળક વિકાસ યોજના અધિકારી, આઈ.સી.ડી.એસ., શાખા, ઘટક-૧, એમ.એસ. બિલ્ડીંગ, ત્રીજો માળ, બી-બ્લોક, સેક્ટર-૧૧, ગાંધીનગર. તા.જી. ગાંધીનગર

ગાંધીનગર ઘટક-૨ :- બાળક વિકાસ યોજના અધિકારી, આઈ.સી.ડી.એસ., શાખા, ઘટક-૨, એમ.એસ. બિલ્ડીંગ, ત્રીજો માળ, બી-બ્લોક, સેક્ટર-૧૧, ગાંધીનગર. તા.જી. ગાંધીનગર

નોંધ : ગાંધીનગર ઘટક-૧ની અરજીમાં અરજી ઉપર ઘટક-૧ અને ઘટક-૨ની અરજી ઉપર ઘટક-૨ લખવાનું રહેશે.

**બાળ વિકાસ યોજના અધિકારી**
**ગાંધીનગર ઘટક-૧-૨**

**પ્રાંત અધિકારી**
**ગાંધીનગર**

માહિતી/૨૯૧/૧૭-૧૮